અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૪૦૧૯-૫૦

ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૭/૧૧/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રખરતા શોધ કસોટી (TST) બાબત.

સંદર્ભ:- અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૩૨૯૦-૩૩૨૪ તા.૨૫/૦૯/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯ના વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા માટે આયોજિત થતી પ્રખરતા શોધ કસોટી ચાલુ વર્ષે **તા.૦૫/૦૨/૨૦૨૦**ના રોજ લેવામાં આવનાર છે.

પ્રખરતા શોધ કસોટી અંગેની મુખ્ય વિગતો નીચે મુજબ છે.

1. પ્રખરતા શોધ કસોટીના ફોર્મ ઓનલાઈન ભરવા અંગેની કાર્યવાહી ટૂંક સમયમાં શરૂ થનાર છે. આ અંગેની તારીખ હવે પછી જણાવવામાં આવશે.
2. આ પરીક્ષામાં OMR શીટમાં બારકોડ સ્ટીકરનો ઉપયોગ કરવામાં આવશે. વિદ્યાર્થીઓની હાજરી માટે ધોરણ-૧૦/૧૨ની બોર્ડની પરીક્ષામાં વાપરવામાં આવતા ઝીરો-વન પત્રકના નમૂના મુજબ હાજરી પત્રક બનાવવામાં આવશે.
3. પરીક્ષા પૂર્ણ થયા બાદ OMR શીટ જમા કરાવવા માટે બોર્ડ દ્વારા સ્વીકાર કેન્દ્રની વ્યવસ્થા કરવામાં આવશે.
4. પરીક્ષાનું માળખું નીચે મુજબ રહેશે.

| પ્રશ્નપત્ર | વિષય | પ્રશ્નોની સંખ્યા | ગુણ | સમય |
|---|---|---|---|---|
| પ્રશ્નપત્ર-૧ | ગુજરાતી | ૩૦ | ૩૦ | ૧૨૦ મિનિટ |
| | અંગ્રેજી | ૩૦ | ૩૦ | |
| | સામાજિક વિજ્ઞાન | ૩૦ | ૩૦ | |
| | સામાન્ય જ્ઞાન | ૧૦ | ૧૦ | |
| | કુલ | ૧૦૦ | ૧૦૦ | |
| પ્રશ્નપત્ર- ૨ | ગણિત | ૪૦ | ૪૦ | ૧૨૦ મિનિટ |
| | વિજ્ઞાન | ૪૦ | ૪૦ | |
| | માનસિક ક્ષમતા | ૨૦ | ૨૦ | |
| | કુલ | ૧૦૦ | ૧૦૦ | |

૯૮૧૦
૨૭-૧૧-૧૯

E:\HK-\TST\2020\પરિપત્ર-TST.docx

Scanned by CamScanner

5. પરીક્ષા MCQ (OMR પદ્ધતિ) મુજબ લેવામાં આવશે.
6. આ કસોટીના પ્રશ્નપત્રમાં 1 થી 100 પ્રશ્નો આપેલા હોય છે. તમામ પ્રશ્નો ફરજીયાત છે. દરેક પ્રશ્નનો 1(એક) ગુણ છે. પ્રત્યેક સાચા પ્રત્યુત્તરનો 1 ગુણ મળશે. પ્રત્યેક ખોટા પ્રત્યુત્તર માટે ⅓ ગુણ કપાશે.
7. પ્રખરતા શોધ કસોટીનો અભ્યાસક્રમ ધોરણ-૯ની કક્ષા પ્રમાણે રહેશે.
8. પ્રખરતા શોધ કસોટીના પ્રશ્નપત્ર-૧ માટેનો સમય સવારે ૧૧:૦૦ કલાક થી ૧:૦૦ કલાક અને ત્યારબાદ એક કલાકની રીસેસ રહેશે અને બપોરે ૨:૦૦ કલાક થી ૪:૦૦ કલાક દરમ્યાન પ્રશ્નપત્ર-૨ લેવામાં આવશે.
9. પ્રખરતા શોધ કસોટીની ફી જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે રૂ.૧૦૦/- અને વિદ્યાર્થીનીઓ, SC, ST, OBC કેટેગરીના ઉમેદવારો તેમજ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે રૂ.૮૦/- રહેશે.
10. પ્રશ્નપત્ર-૧ અને પ્રશ્નપત્ર-૨ના કુલ ૨૦૦ ગુણમાંથી પર્સન્ટાઇલ પ્રમાણે પ્રથમ ૧૦૦૦ વિદ્યાર્થીઓને બોર્ડ દ્વારા પ્રત્યેક વિદ્યાર્થી દીઠ રૂ.૧૦૦૦/- પ્રોત્સાહક ઇનામ આપવામાં આવશે.

પ્રખરતા શોધ કસોટીની ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપશો. આ કસોટીમાં વિદ્યાર્થીઓ વધારે પ્રમાણમાં ઉપસ્થિત થાય તે માટે આપની કક્ષાએ આ અંગે પ્રચાર પ્રસાર કરવા વિનંતી છે.

ક્રમાંક /માધ્ય-૬/૨૦૧૯/૪૯-૬૩૩
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૦૨-૧૨-૨૦૧૯

નકલ રવાના જાણ તથા અમલ સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ શાળાઓ તમામ
મા. શાળાઓ બ.કાં. જિલ્લો